# જિલ્લામાં પ્રા. શાળાઓમાં ૪૪૬ વર્ગખંડોની ઘટ છે : શિક્ષણમંત્રી

## જિલ્લામાં ૭૬ પ્રા. શાળાઓમાં કમ્પાઉન્ડ વોલની સુવિધા જ નથી : જિલ્લામાં ૨૦૧૩ ની તુલનામાં ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષોની સંખ્યામાં ૩,૮૪,૫૧૧ વૃક્ષોનો વધારો થયો છે

ગાંધીનગર, તા. ૫

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં શિક્ષણ, આદિજાતિ વિકાસ, વન, મહિલા બાળ કલ્યાણ, પંચાયત અને પર્યાવરણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી ગૃહમાં રજુ થઈ હતી. પ્રશ્નોત્તરીનો સમય આમ તો ઉત્તેજનાસભર જોવા મળતો હોય છે પણ આજે રાજકીય ઉત્તેજનાઓ ઓછી જરૂર હતી.

**● જિલ્લામાં શાળાઓને મંજૂરી**

કોંગી ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી અંગેનો પ્રશ્ન ગૃહમાં રજુ કર્યો હતો.

શિક્ષણમંત્રીએ તેમના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ૩૬૦ જેટલી સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી સ્કૂલો આવેલી છે. જેમાં સરકારી માધ્યમિક શાળા ૨ અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા ૧ આવેલી છે.




જિલ્લામાં ગ્રાન્ટેડ માધ્યમિક ૭૦, મા. અને ઉચ્ચત્તર માધ્યમિક સળંગ એકમની ૧૨૨ અને ઉચ્ચત્તર માધ્યમિક ૨ શાળા આવેલી છે.

જિલ્લામાં ખાનગી ૫૯ માધ્યમિક, માધ્યમિક અને ઉ.મા. સળંગ એકમની સ્કૂલો ૫૯ તેમજ ઉ.મા. શાળાઓ ૪૫ આવેલી છે. આમ જિલ્લામાં માધ્યમિક, મા. અને ઉ.મા. શાળા સળંગ એકમ તથા ઉ.મા. શાળા મળી કુલ ૩૬૦ શાળાઓ છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષમાં ૧ સરકારી મા. શાળા તેમજ ૭ ખાનગી માધ્યમિક, માધ્યમિકને ઉ.મા. સળંગ એકમની તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

**● તા.વિ.અ.ની જગ્યાઓ**

ગાંધીનગર જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર થયેલ જગ્યાઓને લઈ ભાજપાના બલરાજસિંહ ચૌહાણ, શંભુજી ઠાકોરે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે ૪ જગ્યાઓ મંજૂર થયેલી છે અને હાલ ૪ એ જગ્યા ભરાયેલી છે.

જો કે કલોલમાં આજે પણ ઈન્ચાર્જ ટીડીઓ ફરજો બજાવી રહ્યા છે.

**● ગ્રંથપાલની જગ્યા**

કોંગીના બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં સરકારી શાળાઓમાં ગ્રંથપાલની જગ્યા અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ મંત્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાં સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ગ્રંથપાલની એક પણ જગ્યા મંજૂર થયેલી નથી.

**● પ્રાથમિક શાળાઓને મંજૂરી**

કોંગીના સુરેશ પટેલે ગાંધીનગર જિલ્લામાં આવેલ સરકારી, ખાનગી ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૫૮૨ સરકારી પ્રા. શાળાઓ, ૩૯ ખાનગી ગ્રાન્ટેડ શાળાઓ અને ૩૬૦ નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાઓ મળી કુલ ૯૮૧ પ્રા. શાળાઓ આવેલી છે.

સભ્યશ્રીના લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૧૧ નોન ગ્રાન્ટેડ પ્રા. શાળાઓને મંજૂરી આપવામાં આવી છે.

**● સામુહિક વન નિર્માણ યોજના હેઠળ વાવેતર**

ભાજપના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે દહેગામ તાલુકામાં ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧ના વર્ષમાં સામુહિક વન નિર્માણ યોજના હેઠળ થયેલ વાવેતર અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યુ છે કે દહેગામ તાલુકામાં ૨૦૧૯-૨૦માં ૩૯ હેક્ટર અને ૨૦૨૦-૨૧માં ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૪૨ હેક્ટરમાં વાવેતર કરવામાં આવેલ છે.

સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મંત્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૯-૨૦માં આ વાવેતર પાછળ રૂ. ૨૬.૧૯ લાખનો ખર્ચ થયો હતો જ્યારે ૨૦૨૦-૨૧માં રૂ. ૩૪.૪૦ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે.

**● પ્રા. શાળામાં સુવિધાઓ**

કોંગીના ડૉ. સી.જે. ચાવડાએ ગાંધીનગર જિલ્લાની પ્રા. શાળાઓમાં સુવિધાઓ જેવી કે વીજ કનેક્શન, કમ્પાઉન્ડ વોલ, પાણીની સુવિધા અને શૌચાલયની સુવિધા અંગેની જાણકારી લેખિત પ્રશ્ન દ્વારા જાણવા માંગી હતી.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં ૬૧ સરકારી શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ નથી અને ૧૬

● અનુસંધાન પાન-૭ પર



ગાંધીનગરમાં હાલમાં બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. સવારે ઠંડી અને બપોરે ગરમીનો અનુભવ થાય છે. વાતાવરણમાં સતત ફેરફાર તથા કયારેક ધુમ્મસ પણ જોવા મળી જાય છે. આજકાલ બેવડી ઋતુના કારણે શરદી-ખાંસી-તાવના કેસ પણ વધતા જાય છે... સાથોસાથ કોરોનાનો ભય પણ વધે છે... ત્યારે સાવચીતપૂર્વક બંને પ્રકારના વાતાવરણને અનુકુળ બનવાની શારિરીક ક્ષમતા કેળવવી પડે એમ જણાઈ રહ્યું છે...

# જિલ્લામાં કોરાનાના કેસ વધ્યા : વધુ ૧૨ કેસ

## કુડાસણ, સરગાસણમાં બે-બે કેસ ઉપરાંત વા. હડમતિયા તથા કલોલમાં બે કેસ મળ્યા : ગાંધીનગર શહેરના સે. ૨૬ માં કેસ ઉપરાંત સે. ૮, ૪ અને સે. ૨૯ માંથી કેસ મળ્યા : ૧૦ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૨ કેસ નોંધાયા છે. કેસો વધતાં જ તંત્ર સતર્ક બની ગયુ છે અને સઘન સર્વેલન્સની કડક સુચનાઓ આપવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ કેસ અને ગાંધીનગર શહેરમાં પાંચ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાના કેસોમાં ચડાવ-ઉતાર જોવા મળતાં તંત્ર ચિંતાતુર તો હતુ જ પણ આજે જે રીતે ઉછાળો નોંધાયો તેનાથી તંત્ર સતર્ક બન્યુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં ગાંધીનગર તાલુકામાં પાંચ અને કલોલ તાલુકામાં બે કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૪ મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસમાં એક દર્દીને સઘન સારવાર જરૂરી જણાતા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના વાસણા હડમતિયા ગામેથી એક કેસ મળવા ઉપરાંત કુડાસણ અને સરગાસણમાંથી બે-બે કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકાના ભોંયણ મોટી ગામેથી એક યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે. આ ઉપરાંત રકનપુર ગામેથી પણ એક કેસ મળી આવેલ છે.

જિલ્લામાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૩૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૩૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૬૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨૬ માંથી બે કેસ ઉપરાંત સે. ૨૯, ૪ અને સે. ૮ માંથી કેસ મળી આવેલ છે.

કોરોના માટે સંવેદનશીલ બનેલ સેક્ટરોમાંથી કેસો મળતાં તંત્રની ચિંતા જરૂર વધી છે. આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં કોરોનાની સ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે રિકવરી રેટ ૯૮ ટકા જેટલો છે.

# રહેણાંક વિસ્તારમાં ખાનગી દવાખાનાઓનું સીલીંગ બંધ કરવા મેયરની રજુઆત

ગાંધીનગર, તા. ૫


ગાંધીનગર શહેરમાં રહેણાંક વિસ્તારમાં આવેલ ખાનગી દવાખાનાઓને ફાયર એન.ઓ.સી. ના હોવાને કારણે સીલ કરવાની કામગીરી બંધ કરવા મેયર રીટાબેન પટેલે મુખ્યમંત્રીને પત્ર લખી વિનંતી કરી છે.

બે પાનાના લખેલા આ પત્રમાં શ્રીમતિ રીટાબેન પટેલે તબીબોની દલીલો વ્યાજબી હોવાનું જણાવી રહેણાંક વિસ્તારમાં ફાયર એન.ઓ.સી. લેવામાં તકલીફ પડે છે. કોરોનામાં કપરાકાળમાં એક તરફ સરકારી દવાખાનાઓમાં કામગીરીનું ભારણ વધેલ છે ત્યારે આ સ્થિતિમાં નગરજનો આરોગ્ય સુવિધાથી વંચિત ના રહે તે માટે આ રહેણાંક વિસ્તારના ખાનગી દવાખાનાઓ સીલ નહિ કરવા તેમણે સૂચના આપી છે.

તેમણે આ પત્રમાં જણાવ્યુ છે કે જે ખાનગી દવાખાનાઓમાં ફાયર ઈક્વીપમેન્ટ લગાવેલ હોય તેમજ એન.ઓ.સી. મેળવવા અરજી કરી હોય અને સિલીંગ કરવામાં આવ્યું હોય તો તાત્કાલિક કલેક્ટર અને કમિશનરને સૂચના આપી સિલીંગ ખોલી આપવા જણાવ્યુ છે.

શ્રીમતિ પટેલમાં તબીબો માટે પુરતા પ્રમાણમાં બિન રહેણાંક જગ્યાની ફાળવણી ના થાય ત્યાં સુધી ધારા-ધોરણ મુજબની ફાયર સેફ્ટીની સુવિધા ધરાવતા રહેણાંક વિસ્તારના દવાખાનાઓને ફાયર એન.ઓ.સી. આપવા માટેની નીતિ નક્કી કરવા પણ કલેક્ટર અને કમિશનરને સૂચના આપવા આ પત્રમાં જણાવ્યુ છે.

# નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કોરોના વેક્સિન લીધી



ગાંધીનગર,તા.૫

કોરોનાનો ગ્રાફ દિવસો જતા વધી રહ્યો છે. ત્યારે વેક્સિનને લઈને જનતામાં એક પોઝિટિવિટી ઉભી કરવા નેતાઓ પણ હવે વેક્સિન લગાવી રહ્યા છે. ત્યારે આજે ગુજરાત રાજ્યનાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે કોરોનાની વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો છે.

કોરોના વેક્સિનનો બીજો તબક્કો ૧ માર્ચનાં રોજથી હવે શરૂ થઈ ગયો છે. ત્યારે રાજ્યનાં નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલે આજે કોરોનાની વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે. તેઓ તેમની પત્નિ સાથે આ વેક્સિન લેવા પહોંચ્યા હતા. ઉપરાંત ઉર્જામંત્રી સૌરભ પટેલે પણ આજે કોરોનાની વેક્સિન લીધી છે. સાથે તેમણે વહેલી તકે આ રસી લેવા લોકોને અપીલ પણ કરી હતી.

# ઉનાળો આકરો બનવા તરફ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી નજીક

## છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૨ ડીગ્રી ઉંચકાયો : રાત્રિનુ તાપમાન પણ ૧૫ ડીગ્રી ઉપર રહેતા ઠંડી અદ્રશ્ય


ગાંધીનગર તા ૫

ગાંધીનગર શહેરમાં ધીમે ધીમે ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે. દિવસનો તાપ આકરો થવાની સાથે ગરમી અસહ્ય બનતી જાય છે. આજે પણ ગરમીનો પારો ૦.૪ ડીગ્રી ઉંચકાયો હતો જયારે લઘુત્તમ તાપમાન પણ ૩.૫ ડીગ્રી ઉપર આવતા રાત્રિના પણ ઠંડીની અસર હળવી થઈ ગઈ છે. વહેલી સવારે અને મોડી રાત્રે પણ પલવારની ઠંડક બાદ ઉગતા સુરજે ગરમીનો પ્રકોપ શરૂ થઈ જાય છે. જો કે ઠંડીના પારાની ચઢ ઉતર વચ્ચે હજુ વાતાવરણમાં ડબલ સિઝનની અસર અનુભવતા નાગરિકો વિચિત્ર મોસમનો પણ અહેસાસ કરી રહ્યા છે. માર્ચની શરૂઆતમાં આજે ગરમીનો પારો મહત્તમ ઉંચે ચઢયો હતો.

શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી ઠંડી ગરમીની અસર જોવા મળી રહી છે. જયારે ધીમે ધીમે ગરમીનો પારો ઉંચકાતા દિવસનો તાપ આકરો બનતો જાય છે. બપોરના સમયે ચામડીને દાહ આપતો તડકો નાગરિકોને હવે ઘરમાં રહેવા માટે મજબુર કરે છે. દિવસ દરમિયાન આકરી ગરમીના લીધે ઓફિસ અને ઘરોમાં એ સી પંખા ધમધમતા શરૂ થઈ ગયા છે. જયારે દિવસે હવે નગરજનો ગરમ કપડાની બદલે માથે ટોપી અને મોં પર ચશ્મા લગાવીને જતા નજરે પડે છે. ઠંડીની મોસમ વિદાય લેતા આકરી ગરમીથી બચવા માટે નાગરિકો સજ્જ થઈ રહ્યા છે. સવારથી જ વાતાવરણમાં ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. સુરજ ઉગતા જ ગરમીનુ પ્રમાણ વધતા બપોર થતા સુર્યપ્રકાશ આકરો બને છે. વધતી ગરમીથી જનજીવન પ્રભાવિત છે. વિદાય લેતા શિયાળે નિખરતી ગરમીની ઋતુથી મોસમનો નઝારો બદલાયો છે. છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો ૩૫ થી ૩૬ ડીગ્રીની આસપાસ રહેતો હતો જયારે લઘુત્તમ તાપમાન પણ ૧૧ થી ૧૩ ડીગ્રી વચ્ચે રહેતા વહેલી સવારે તેમજ રાત્રિના સમયે નગરજનોને ગુલાબી ઠંડકનો અનુભવ થતો હતો. પરંતુ ગઈકાલની જેમ આજે પણ ગરમીનો પારો ઉંચે ચઢતા મહત્તમ તાપમાન ૩૭.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. જયારે રાત્રિનુ તાપમાન પણ ૧૫.૫ ડીગ્રી પહોંચતા હળવી ઠંડી પણ અદ્રશ્ય થઈ ગઈ છે. દિવસના આકરા તાપથી બચવા માટે નાગરિકો હવે કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળે છે. બજારમાં ઠંડા પીણા , શેરડીનો રસ અને આઈસ્કીમ સહીતના ઠંડા પદાર્થોનુ વેચાણ વધી ગયુ છે.

# ચરેડી પાસે લાંબા સમયથી ઉભરાતી ગટરની સમસ્યાને ડામવા ટીમ કામે લાગી

## ચરેડી પાસે ગટરની જટીલ સમસ્યા ડામવા સુપર સકર મશીનની મદદથી તંત્રએ સમસ્યાનુ નિરાકરણ કર્યુ






ગાંધીનગર તા ૫

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યા વારંવાર ઉઠવા પામે છે. જયારે જુની અને સાંકડી ગટર લાઈનના લીધે સમસ્યા વધુ જટીલ બને છે. ચરેડી પાસે પણ છેલ્લા ઘણાં સમયથી ગટર લાઈન ચોક અપ થતા માર્ગો પર દુષિત પાણી ફરી વળ્યા હતા. તંત્રએ બે દિવસના પ્રયાસના અંતે સુપર સકર મશીન કામે લગાડી ભારે જહેમત બાદ સમસ્યાનુ નિરાકરણ કર્યુ છે. જયારે ગટરના પાણીના લીધે માર્ગો પર અસ્તિત્વમાં આવેલા ખાડા પુરવા માટે પણ રજુઆત કરવામાં આવી છે.

જી ઈ બી ચરેડી પાસે છેલ્લા ઘણાં સમયથી ગટર લાઈન ઉભરાતા સ્થાનિકો ત્રાહીમામ પોકારી ગયા હતા ગટરના દુષિત પાણી માર્ગો પર ફરી વળતા સમગ્ર વિસ્તારમાં ગંદકી વચ્ચે અસહ્ય દુર્ગંધ પ્રવર્તી હતી. ગટર લાઈન ચોક અપ થવાના પેચીદા પ્રશ્નના નિરાકરણ માટે મેયર દ્વારા પણ ધ્યાન દોરવામાં આવ્યુ હતુ. જયારે માર્ગ મકાન વિભાગ દ્વારા સ્થળ પર ગટરના ચોક અપને રીપેર કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી પરંતુ સમસ્યાનુ નિરાકરણ ન આવતા આખરે ડ્રેનેજ વિભાગ દ્વારા હેવી સુપર સકર મશીનના ઉપયોગથી ચોક અપ દુર કરવામાં આવ્યુ હતુ. ચરેડી વિસ્તારમાં સર્જાયેલી આ ગટરની જટીલ સમસ્યાને ડામવા તંત્રએ સતત બે દિવસ સુધી પ્રયાસો કરી પ્રશ્નનુ નિરાકરણ કર્યુ છે. સતત ગટરના ઉભરાતા પાણીથી આ વિસ્તારમાં ચરેડી ચોકડી જી ઈ બી ઓફિસ પાસે માર્ગ પર મોટા ખાડા ટેકરા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે ગટરની સમસ્યા હલ થયા બાદ હવે માર્ગો પર ખાડા પુરવા માટે પણ ત્વરિત કામ હાથ ધરવા રજુઆત કરવામાં આવી છે.

# રાજ્યની યુનિવર્સિટી-કોલેજોના પ્રોફેસરોને મળશે સાતમા પગાર પંચનો લાભ

## એરિયર્સની ૫૦ ટકા રકમ પ્રથમ હપ્તામાં ચૂકવાશે : સરકારી તથા બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોના પ્રાધ્યાપકોને કેન્દ્રીય સાતમા પગાર પંચનું એરિયર્સ ચૂકવાશે

ગાંધીનગર,તા.૫

ગુજરાત વિધાનસભામાં ચાલી રહેલા અંદાજપત્ર સત્ર દરમિયાન શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ શૈક્ષણિક ક્ષેત્રે મહત્વની જાહેરાત કરી હતી. જે મુજબ રાજ્યની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી તથા બિનસરકારી ગ્રાન્ટેડ કોલેજોના પ્રાધ્યાપકોને કેન્દ્રીય સાતમા પગાર પંચનું એરિયર્સ ચૂકવાશે. શિક્ષણ મંત્રીએ જાહેરાત કરતા કહ્યું હતું કે, રાજ્યની યુનિવર્સિટીઓ અને યુનિવર્સિટી સંલગ્ન સરકારી-બિન સરકારી અનુદાનિત કોલેજોના પ્રાધ્યાપકોને યુજીસીની ભલામણ મુજબ કેન્દ્રીય સાતમા પગાર પંચના પગાર સુધારણાનો લાભ આપવામાં આવશે.

તેમણે વધુમાં જણાવ્યું કે, કોરોનાની મહામારને કારણે રાજ્ય સરકારની આવકમાં ઘટાડો થયો છે. તેમ છતાં શૈક્ષણિક હિતોને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર દ્વારા હકારાત્મક અભિગમ સાથે આ લાભ શિક્ષણ વિભાગના તા.૧/૨/૨૦૧૯ના ઠરાવ મુજબ તા.૧/૧/૨૦૧૬થી આપવામાં આવશે.

જેમાં મળવાપાત્ર કુલ એરિયર્સની ૫૦% રકમ પ્રથમ હપ્તા પેટે ચૂકવવામાં આવશે. નોંધનીય છે કે સાતમા પગાર પંચની માંગ છેલ્લા કેટલાય સમયથી સરકારી કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી હતી. આ અંગે ધરણા પણ કરવામાં આવ્યા હતા અને સરકાર સામે રજૂઆતો પણ કરવામાં આવી હતી. ત્યારે સરકાર દ્વારા પ્રાધ્યાપકોની આ માગણીને સ્વીકારીને સાતમા પગાર પંચના અમલની જાહેરાત આવકારદાયી છે.

TV રીપેરીંગ
ગાંધીનગર માટે
LED TV, LCD TV
રીપેરીંગ માટે ફોન કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ફ્લેટ વેચવાનો છે
સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪
1BHK, MIG ગ્રાઉન્ડ ફ્લોર, ગેસલાઈન, ફુલ ફર્નિચર, રીનોવેશન કરેલ,
૩૦ લાખ - શૈલેષભાઈ
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — Jaquar experience bathing — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com